# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925...

FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૫મું

VOLUME : 22 • ISSUE : 15 • PAGES : 36 • MUMBAI • DATE : 05TH MARCH 2020 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


## દલતુંગી નગરે પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં સમોવસરણ સ્થાપન તથા મહાજનવાડી ઉદ્‌ઘાટન પ્રસંગે યોજાયેલ ત્રયાહ્નિકા મહોત્સવ તા. ૧૩-૧૪-૧૫ જાન્યુઆરી ૨૦૨૦ની તસ્વીરી ઝલક



# દલતુંગી નગરે પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં સમોવસરણ સ્થાપન તથા મહાજનવાડી ઉદ્‌ઘાટન પ્રસંગે યોજાયેલ ત્રયાહ્નિકા મહોત્સવ તા. ૧૩-૧૪-૧૫ જાન્યુઆરી ૨૦૨૦ની તસ્વીરી ઝલક



## દલતુંગી નગરે પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં સમોવસરણ સ્થાપન તથા મહાજનવાડી ઉદ્‌ઘાટન પ્રસંગે યોજાયેલ ત્રયાહ્નિકા મહોત્સવ તા. ૧૩-૧૪-૧૫ જાન્યુઆરી ૨૦૨૦ની તસ્વીરી ઝલક



## દલતુંગી નગરે પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં સમોવસરણ સ્થાપન તથા મહાજનવાડી ઉદ્‌ઘાટન પ્રસંગે યોજાયેલ ત્રયાહ્નિકા મહોત્સવ તા. ૧૩-૧૪-૧૫ જાન્યુઆરી ૨૦૨૦ની તસ્વીરી ઝલક























શાસનદેવી શ્રી ચક્રેશ્વરી દેવ્યૈ નમઃ

શ્રી આદિનાથાય નમઃ
યુગપ્રધાન દાદાસાહેબ શ્રી પાર્શ્વચંદ્રસૂરિ સદ્‌ગુરુભ્યો નમઃ
ગચ્છરક્ષક શ્રી બટુકભૈરવ દેવાય નમઃ

જ્ઞાનદાત્રી શ્રી સરસ્વતી દેવ્યૈ નમઃ

# શ્રી પાર્શ્વચંદ્રગચ્છ જૈન સંઘ - મુંબઈ ના આંગણે મુમુક્ષુ કુ. તૃપ્તિબેન દિનેશભાઈ ધરમશી ની

## રૂડી પારમેશ્વરી પ્રવ્રજ્યાના પ્રસંગે ત્ર્યાન્હિકા મહોત્સવમાં પધારવા શ્રી સકલ સંઘને

# નેહભર્યું નવલું નિમંત્રણ

**વરસીદાનનો વરઘોડો**
ફાગણ સુદ - ૧૦ ગુરૂવાર
તા. ૫/૩/૨૦
સવારે - ૮:૩૦ વાગે

**દીક્ષા દિન**
ફાગણ સુદ - ૧૧, શુક્રવાર
તા. ૬/૩/૨૦,
દીક્ષા વિધિ પ્રારંભ
સવારે ૬:૩૦ વાગે

આદિમં પૃથિવીનાથ- માદિમં નિષ્પરિગ્રહમ્,
આદિમં તીર્થનાથં ચ, ઋષભસ્વામિનં સ્તુમઃ;

પ્રવ્રજ્યા ગૃહ્યતે ધન્યૈ ર્ધન્યૈશ્ચ પરિપાલ્યતે ।
પ્રવ્રજ્યા કાર્યતે ધન્યૈ ર્ધન્યૈશ્ચ અનુમોદ્યતે ।।

**દિવ્યાશિષ**
સરળસ્વભાવી પ.પૂ. પ્રીતિચંદ્રજી મ.સા.
પ.પૂ.રામચંદ્રજી મ.સા.

**શુભાશિષ અને મૂહૂર્ત પ્રદાતા**
ગચ્છવરિષ્ઠ , જ્ઞાનદિવાકર
પ.પૂ. મહોપાધ્યાયશ્રી ભુવનચંદ્રજી મ.સા.

**દિક્ષાદાતા**
મૌનવરિષ્ઠ પ.પૂ. પુન્યરત્નચંદ્રજી મ.સા.

**સ્નેહસભર શ્રમણ વૃંદ સાન્નિધ્ય**
પ.પૂ. પદ્મયશાચંદ્રજી મ.સા., પ.પૂ. નંદીશચંદ્રજી મ.સા.



"સંયમ મારે લેવું છે...
ભવસાગરથી પાર ઉતરવું છે..."

**દિવ્યાશિષ**
શાંતમૂર્તિ પ. પૂ. ચંપકશ્રીજી મ.સા.

**શુભાશિષ**
યોગવરિષ્ઠ પ.પૂ. પાર્શ્વયશાચંદ્રજી મ. સા.
દીર્ઘસંયમી પ.પૂ. પૂર્ણકલાશ્રીજી મ.સા.
જ્ઞાનપ્રેમી પ.પૂ. દિવ્યદર્શિતાશ્રીજી મ.સા.

**સ્નેહસભર શ્રમણી વૃંદ સાન્નિધ્ય**
વયસ્થવીરા પ.પૂ. આત્મગુણાશ્રીજી મ.સા. આદિઠાણા
પ.પૂ. નિજાનંદશ્રીજી મ.સા. આદિ ઠાણા
પ.પૂ. સુનંદિતાશ્રીજી મ.સા. આદિ ઠાણા
પ.પૂ. વિશ્વદર્શિતાશ્રીજી મ.સા. આદિ ઠાણા

મહાભિનિષ્ક્રમણના મંગલ માંડવે સંયમનો સાદ માણવા હૈયા ભીનું આમંત્રણ,
શાસનપ્રેમી, ધર્મસ્નેહી, આત્મીય સ્વજન શ્રી......................................................................સાદર પ્રણામ જય જિનેન્દ્ર

અમારા આંગણે આવેલા ઉમંગ ભર્યા પ્રસંગના રંગને વર્ણવતા અંગ અંગમાં ઉમંગનો સાગર ઉછળી રહ્યો છે. અમને જણાવતાં આનંદ થાય છે કે, સંવેગરંગરંગિતાત્મા મંડલાચાર્ય ગણિવર્ય શ્રી પ. પૂ. શ્રી કુશલચંદ્રશ્રીજી મ. સા. નાં સંતાનીય ગચ્છવરિષ્ઠ પ. પૂ. મહોપાધ્યાયશ્રી ભુવનચંદ્રજી મ. સા. ના આજ્ઞાવર્તિની શાંતમૂર્તિ પ. પૂ. ચંપકશ્રીજી મ. સા. ના શિષ્યા દીર્ઘસંયમી પ. પૂ. પૂર્ણકલાશ્રીજી મ.સા. નાં શિષ્યા પ. પૂ. વિશ્વદર્શિતાશ્રીજી મ.સા. ના વૈરાગ્યલક્ષી સત્સંગથી અમારી કુલદિપીકા કુ. તૃપ્તિ સંયમના રંગે રંગાઈ અને સંસારના બંધનોને તોડવા એ પામર જીવન છોડીને પરમાત્માના પરમપંથે પ્રસ્થાન કરવા કૃતનિશ્ચયી બની, ત્યારે સંયમના પગથારની આ કંકોત્રી માત્ર પ્રસંગની નહિ અમારા ઉમંગની છે. આ માત્ર આમંત્રણ નથી પણ અમારા આનંદનો મહેકતો શણગાર છે. અમારી આંખની કીકી સમાન કુ. તૃપ્તિની દીક્ષા એ અમારે મન આ ભવનું ઝવેરાત છે. અમારા કુળને અજવાળતો, શાસનને શોભાવતો આ મહામંગલકારી પ્રસંગ શ્રી પાર્શ્વચંદ્રગચ્છ જૈન સંઘ - મુંબઈ (ચેમ્બુર) ના ઓજસ્વી અને તેજસ્વી આંગણે આયોજાઈ રહ્યો છે તેનો અપાર આનંદ છે.

આ ભીષ્મ પરાક્રમ કરી રહેલી અમારી પુત્રીને હૈયાના ઉમળકાથી ખોબે ખોબે આશિષ આપવા સંયમધર્મની અનુમોદના કરવા અચૂક આપ સર્વે પધારશોજી..... આપના આવકારના અભિલાષી........

## રત્નત્રયી મહોત્સવનો મંગલમય કાર્યક્રમ

### ફાગણ સુદ - ૯ બુધવાર તા. ૪/૩/૨૦

- સવારના ૬/૦૦ વાગે - મંગલમય પ્રભાતિયા
  સવારના ૯/૦૦ વાગે – લઘુ શાંતિ સ્નાત્ર પૂજન
  વિધિકાર – જીજ્ઞેશભાઈ શાહ
  સંગીતકાર –જગદીશભાઇ શાહ ભક્તિની રમઝટ જમાવશે
  ત્યારબાદ પધારેલા સર્વેની સાધર્મિકભક્તિ વિવિધલક્ષી હોલ દેરાસર.
- બપોરના ૨/૦૦ વાગે સંયમના વસ્ત્રોને કેસરિયા રંગે રંગવાના વધામણા
  કેસર ઘોળવાના લાભાર્થી - ગં. સ્વ. રમીલાબેન હીરાચંદ ચોડાયા
  રાપર – (હૈદ્રાબાદ)
  ત્યારબાદ પધારેલા સર્વે માટે ચોવિહાર ની વ્યવસ્થા દેરાસરજીના વિવિધલક્ષી હોલમાં.
- રાતના ૮/૦૦ વાગે પ્રભુભક્તિ - સંયમ ભક્તિભાવના



ઉપરોક્ત સર્વે કાર્યક્રમ
ચેંબુર પાર્શ્વચંદ્રગચ્છના ઉપાશ્રયમાં.

### ફાગણ સુદ - ૧૦ ગુરૂવાર તા. ૫/૩/૨૦

- સવારના ૬/૦૦ વાગે - મંગલમય પ્રભાતિયા
  સવારના ૮/૩૦ વાગે પ્રભુજીનો રથ અને ગુરૂદાદાની બગી સાથે મુમુક્ષુ કુ. તૃપ્તિબેનની વર્ષીદાનની ભવ્ય શોભાયાત્રા - ત્યારબાદ બેંડ વરસીદાન
  સુરોની રમઝટ ગૌતમભાઇ શાહ.
  (સ્થળ - આદિનાથ દેરાસરજીના પટાંગણમાં) ત્યારબાદ સંઘ સ્વામી વાત્સલ્ય
- બપોરના ૧/૩૦ વાગે દિક્ષાર્થીની સંયમની છાબ ભરવાનો અનેરો અવસર મામાનું મામેરૂં - માતુશ્રી ખેતબાઈ ભવાનજી મોતા પરિવાર (વારાપધર) હાલે- સાંગલી
- બપોરના - ૨/૩૦ વાગે દિક્ષાર્થીની સંયમની અનુમોદનાર્થે
  સાંજીનો ભવ્ય કાર્યક્રમ - મહેંદી રસમ (ઉપાશ્રયમાં)
  નીતાબેન નાગડા પોતાની મંડળી સાથે સંગીતની રમઝટ જમાવશે.
  સાંજી પ્રભાવનાના લાભાર્થી - દીક્ષાર્થીબેનના પરિવાર તરફથી.
  પધારેલા સર્વેની ચૌવિહાર વ્યવસ્થા દેરાસરજીના વિવિધલક્ષી હોલમાં.
- રાતના ૮/૦૦ વાગે સંસારને અલવિદા કરતો દિક્ષાર્થીનો
  ભવ્ય વિદાય સમારંભ - બહુમાન સમારોહ
  સંવેદના - હૃદયને હચમચાવતા ભાવ કરાવનાર ગૌરાંગભાઈ શાહ
  સંગીતકાર - સૂરોની રમઝટ જમાવશે હાર્દિકભાઈ શાહ
  સ્થળ : દેરાસરજીના પટાંગણમાં

### ફાગણ સુદ - ૧૧ શુક્રવાર તા. ૬/૩/૨૦

- સવારના ૫/૧૫ વાગે દીક્ષાર્થીનું મુકામથી પ્રસ્થાન વરઘોડો
- સવારના ૬/૧૫ વાગે દીક્ષાવિધિનો પ્રારંભ
- સંગીતકાર : ગૌતમભાઇ શાહ પોતાની મંડળી સાથે
  સંયમભાવનાની રમઝટ જમાવશે.
  પધારેલા સર્વેની નવકારશી અને બપોરના સાધર્મિક ભક્તિ દીક્ષા ભવનમાં



**તારો પંથ સદા ઉજમાળ બને**

લાડકોયી દીકરી,
મહાન પુણ્યોદયે મનુષ્યભવ મળે પરંતુ મળેલ ભવને સાર્થક કરવાની સદ્‌બુધ્ધિ તો તારા જેવા વિરલ વૈરાગી ને સાંપડે. મેરૂપર્વતની જેમ સંયમ માટેની તારી આટલા વર્ષોની અડગતા જોઇને અંતરમાં આનંદનો સાગર ઉભરાય છે. તારા વિરહની વેદના હોવા છતા તારા આત્મકલ્યાણને નજરમાં રાખીને હર્ષ સાથે અમે તને આશિષ આપીએ છીએ અને અંતિમ શિખામણ આપતા એટલું જ કહીશું કે તારી યોગ્યતામાં ગુરૂભગવંતે જે વિશ્વાસ મૂક્યો છે એને તું સાર્થક કરજે...
લિ. પિતા- દિનેશભાઇ , માતા- મધુરીબેન

**એ ઉપકાર તમારો ન વિસરું**

પૂજનીય માતા - પિતાના ચરણોમાં વંદન...
આજે આપનો એ ઉપકાર કેમ ભુલું ? આપે જન્મ આપ્યો, સ્નેહ આપ્યો, શિક્ષણ આપ્યું અને સંયમના પથે મહાલવાની સહર્ષ અનુમતી આપી. આપના એ ઉપકારને નતમસ્તકે ઝીલીને યાચના કરૂં છું કે આપની આ દીકરીને અંતરના એવા આશિષ આપજો કે સંયમની સાધના - આરાધના અને ગુરૂભક્તિ - વૈયાવચ્ચ - જ્ઞાનમાં લીન બની અનંત સુખની એવી સિધ્ધિગતિ પામું....
લિ. આપની દીકરી તૃપ્તિ....

**ભાઈની મંગલકામના**

લાડલી બેની,
અમારા જીવનમાં અજ્ઞાનતાની અમાસ બારેમાસ છવાયેલી છે. તારૂં આ સંયમજીવન અમારા જીવનમાં પૂનમનો પ્રકાશ ફેલાવે. એજ અંતરની ભાવના, બેના ! તારૂં લક્ષ છે સંયમજીવન અને ગુરૂભક્તિ એને સામે રાખી આગળ વધજે.
લિ. ભાઈ-ભાભી હાર્દિક - દેવશ્રી /ઉત્પલ - ઉર્વી
મારી ફઈની દીક્ષામાં જરૂર જરૂર પધારશો....લિ.ધ્રુવ.

**ગુરૂવર ! તમારા પગલે પગલે પા - પા પગલી માંડી છે....**

હે ગુરૂવર ! આજથી મારૂં સમગ્ર જીવન આપશ્રીના ચરણોમાં સમર્પિત કરૂં છું. આપની આજ્ઞા એ જ મારો શ્વાસ રહેશે, આપની ઈચ્છા એ જ મારી ગતિ બનશે, આપની કૃપા એજ મારી શક્તિ બની રહેશે..... લિ. આપની ચરણરજ તૃપ્તિ.

**મુખ્યદાતા : માતુશ્રી પ્રેમાબાઈ ખીમજી ધરમશી પરિવાર (કોઠારા)**

-: દીક્ષા સ્થળ :-
" શ્રી પાર્શ્વચંદ્રસૂરિ સંયમવાટિકા "
સુમતિ ગુર્જર ભવન, સુશ્રુત હોસ્પિટલની સામે
સ્વસ્તિક પાર્ક, ચેમ્બુર.

-: મહોત્સવ સ્થળ :-
શ્રી પાર્શ્વચંદ્રગચ્છ જૈન સંઘ -મુંબઇ
શ્રી પાર્શ્વચંદ્રસૂરિ જ્ઞાનમંદિર - ઉપાશ્રય (ચેમ્બુર)
અને શ્રી આદિનાથજી દેરાસરજીના પટાંગણમાં

નિમંત્રક: શ્રી પાર્શ્વચંદ્રગચ્છ જૈન સંઘ - મુંબઈ
આદેશ્વર કૉ.ઓ.હૉ.સોસાયટી, ગ્રાઉન્ડ ફ્લોર,
૧૦ મો રોડ,ચેમ્બુર દેરાસરની સામે,
ચેમ્બુર, મુંબઇ - ૪૦૦૦૭૧.

# ભાવપૂર્ણ સ્મરણાંજલિ



## શ્રીમતી સરસ્વતીબેન જયંતભાઇ લાપસીયા

રવા - માટુંગા

પ્રમુખ : **કેડીઓ ક્લાસિક**

જન્મ : તા. ૧૨/૦૩/૧૯૬૩

અરિહંત શરણ : તા. ૨૪/૦૨/૨૦૨૦

કેડીઓ ક્લાસિકના પ્રમુખ તરીકે છેલ્લા શ્વાસ સુધી આપે આપેલી સેવાઓ તથા કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિજનોના ઉત્કર્ષ તથા વિકાસ માટે આપે આપેલું યોગદાન ચીરસ્મરણીય રહેશે.

આપના ઉચ્ચ આત્માની શાંતિ માટે પ્રભુ પ્રાર્થના સહ ભાવપૂર્ણ સ્મરણાંજલિ.

લિ.

**કેડીઓ ક્લાસિક**

**કેડીઓ ક્લાસિક ફાઉન્ડેશન**

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
ડૉ. હિરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના
ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હિરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી

**અંક નં. ૧૫**
**Date : 05-03-2020**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane,
Opp. Shastri Nagar, Pant Nagar,
Ghatkopar (E), Mumbai - 400075.
Tel.: 022-2508 4463 /64 /65
E-mail : kdoprakash@gmail.com

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**
**Mob.: 98211 54326**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

**તંત્રી સ્થાનેથી**

# શ્રી મુંબઈ મહાજનના આગામી પદાધિકારીઓને શુભકામનાઓ

અપેક્ષિત હતું તેમ શ્રી મુંબઈ મહાજનના પ્રમુખ તરીકે વર્ષ ૨૦૨૦-૨૦૨૫ની મુદત માટે શ્રી નયનભાઈ ભેદા નિયુક્ત થયા. શ્રી કુમારભાઈ દંડ વરિષ્ઠ ઉપપ્રમુખપદે તથા શ્રી વિરેન્દ્રભાઈ લોડાયા ઉપપ્રમુખપદે, શ્રી ચેતનભાઈ મોતા તથા શ્રીમતી રાજુલબેન પટેલ મંત્રીપદે તથા સીએ રાજેશભાઈ છેડા ખજાનચી પદે નિયુક્ત થયા. જવાબદારીઓના નિર્વહન માટે અન્ય સમિતિઓનું પણ ગઠન કરવામાં આવ્યું છે. સર્વે નવા પદાધિકારીઓને અભિનંદન.

બધા પદાધિકારીઓ સામાજીક ક્ષેત્રે તથા જ્ઞાતિસેવામાં અનુભવી છે. શ્રી વિરેન્દ્રભાઈ લોડાયા સિવાયના બધા પદાધિકારીઓ વર્ષ ૨૦૧૦-૨૦૧૫ દરમ્યાન મુંબઈ મહાજનમાં પદભાર સંભાળી ચૂક્યા છે. નવા પદાધિકારીઓ પાસેથી ઐરોલીવાડીની પુર્ણતા, રહેઠાણ યોજના તથા વિકાસ અને પરિવર્તનના નવા પગલાની જ્ઞાતિને અપેક્ષા છે. શ્રી નયનભાઈ ભેદા દિર્ઘ દ્રષ્ટાવાન વ્યક્તિ છે એટલે મને ખાત્રી છે કે તેઓ ફક્ત મુંબઈ મહાજન માટે જ નહિં પરંતુ સમગ્ર જ્ઞાતિ માટે નવા આયામો તથા ઉપયોગી કાર્યો હાથ ધરશે. મુંબઈ મહાજનનું પ્રમુખપદ એ ક.દ.ઓ. જ્ઞાતિના ઉચ્ચતમ પદોમાંનું એક છે અને સમગ્ર જ્ઞાતિ મુંબઈ મહાજનના પ્રમુખ પાસેથી પ્રગતિ અને નૂતન વિકાસની આશા રાખે છે.

પ્રકાશ સમીક્ષાના ૨૦ ફેબ્રુઆરીના અંકમાં ઐરોલી વાડી (કસ્તુરી પદમ બેંક્વેટ) તથા અનંતસિધ્ધિના રિડેવલપમેન્ટ માટે સુઝાવ આપવા માટે શ્રી અનંત યુવા શક્તિએ આપેલી જાહેરાત જોઈ મને આનંદ થયો. આગામી સમર્પિત મંત્રીશ્રીઓ શ્રી ચેતનભાઈ અને શ્રીમતી રાજુલબેન પોતાના કાર્યમાં અગાઉથી જ પ્રવૃત્ત થયા છે જે કાર્ય કરવાની સારી પધ્ધતિ ગણી શકાય. લાયન્સ ક્લબ અને રોટરી ક્લબ જેવા આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાનો આ રીતે જ કાર્ય કરે છે અને ભવિષ્યના કાર્યો માટેની યોજના અગાઉથી બનાવે છે. કોઈપણ સંસ્થાના વિકાસ માટે સમર્પિત તથા મહેનતુ મંત્રીઓ જરૂરી હોય છે કારણ કે મોટા ભાગનું વહીવટી કાર્ય તથા આયોજન તેમના શિરે હોય છે. શ્રી મુંબઈ મહાજનના આગામી સમર્પિત મંત્રીશ્રીઓનું હું સ્વાગત કરું છું.

તેવી જ રીતે આગામી પ્રમુખ શ્રી નયનભાઈ ભેદાએ તા. ૨૩ ફેબ્રુઆરીના જ્ઞાતિના યુવાનો સાથે મુલાકાત કરી અને કેડીઓ યુવાનોને મધ્યમાં રાખી ઘણી બધી પ્રવૃત્તિઓ કરી શકાય એ અંગે જાગૃતિ કેળવી હતી. ખૂબજ સુંદર શરૂઆત.. શુભેચ્છાઓ.

વર્ષ ૨૦૨૦-૨૦૨૫માં પ્રવૃત્તિઓના સંચાલન માટે આગામી કમિટીએ ડોનેશન મેળવવાનું પણ શરૂ કર્યું છે. દાતાશ્રીઓએ સારા પ્રકલ્પો તથા પ્રવૃત્તિઓમાં સહયોગ આપવો જ જોઈએ.

મને ખાત્રી છે કે સમસ્ત મહાજનના યુવા અને તરવરિયા સેક્રેટરી જનરલ શ્રી નિશીથભાઈ દંડ અને મુંબઈ મહાજનના યુવા અને દિર્ઘ દ્રષ્ટા પ્રમુખ શ્રી નયનભાઈ

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

*ભેદા કેડીઓ જ્ઞાતિ માટે સાથે મળીને કાર્ય કરશે.*

*શ્રી ડોંબિવલી ક.દ.ઓ. મહાજનની ચુંટણી તા. ૨૨-૩-૨૦૨૦ના નિર્ધારિત થઈ છે. જેમાં કુલ્લ ૧૭ બેઠકો (૪ બેઠક મહિલાઓ માટે અનામત) છે એ માટે ૬૪ જેટલા ઉમેદવારીપત્રો જ્ઞાતિજનો દ્વારા લઈ જવામાં આવ્યા છે. મને આશા છે કે ચુંટણી કમિશનરો આ ચુંટણીમાં ઉદાર મતવાદી બનશે. રૂક્ષ બનવાને બદલે ઉમેદવારોને સાચા માર્ગદર્શક બની રહેશે. નાની ભૂલોને કારણે ઉમેદવારીપત્ર રદ કરવાને બદલે ઉત્સાહી જ્ઞાતિજનોને જ્ઞાતિ સેવાની તક આપશે. એવું જાણવા મળ્યું છે કે ત્યાં ત્રણ જુથો ચુંટણીમાં ઝુકાવશે અને ડોંબિવલી આપણી જ્ઞાતિની સૌથી વધુ વસતી ધરાવતું મથક છે એટલે આ ચુંટણી આપણી જ્ઞાતિ માટે ખૂબજ મહત્વપૂર્ણ બની રહેશે. ચુંટણીમાં ઝુકાવનારા સર્વે ઉમેદવારોને શુભકામનાઓ...*

**– *ડૉ. હિરાચંદ દંડ*, Mob.: 7738508150**

---

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન - મુંબઈના પદાધિકારીઓ વર્ષ ૨૦૨૦-૨૦૨૫**

| | |
|---|---|
| પ્રમુખ | : શ્રી નયનભાઈ ભેદા |
| વરિષ્ઠ ઉપપ્રમુખ | : શ્રી કુમારભાઈ દંડ |
| ઉપપ્રમુખ | : શ્રી વિરેન્દ્રભાઈ લોડાયા |
| મંત્રી | : શ્રી ચેતનભાઈ મોતા |
| મંત્રી | : શ્રીમતી રાજુલબેન પટેલ |
| ખજાનચી | : સીએ રાજેશભાઈ છેડા |


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229



॥ દલતુંગી તીર્થમંડન શ્રી અજિતનાથ સ્વામીને નમઃ ॥

# શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ

મુ.પો. દલતુંગી, જી. જામનગર, ગુજરાત - ૩૬૧૨૮૦

સૂરિમંત્ર પંચ પ્રસ્થાનારાધક, રાજસ્થાન દિપક, દલતુંગી શતાબ્દિ મહોત્સવ નિશ્રા સહ ગુરૂમંદિર પ્રતિષ્ઠાપક, મહાજન વાડી પ્રેરણા દાતા, હાલારમાં અનેરી જાગૃતિ કરનારા, સંઘવત્સલ્ય, પરોપકારી **પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.** આદી ઠાણા અને દલતુંગી ગામના પરમ ઉપકારી **પ.પૂ. સા. શ્રી દિવ્યગુણાશ્રીજી મ.સા.** આદી ઠાણાની નિશ્રામાં અને શ્રેષ્ઠિવર્ય **શ્રીમાન નરેન્દ્રભાઈ નંદુ ''ભા''**ના સથવારે શ્રી શાશ્વતજિન સમવસરણે પ્રતિષ્ઠા સહ નૂતન મહાજનવાડીના ઉદ્‌ઘાટન પ્રસંગે આયોજીત ત્રયાહ્નિકા મહોત્સવ વિ.સ. ૨૦૭૬ પોષ વદ ૪ **તા. ૧૩-૧-૨૦૨૦ સોમવારથી વિ.સ. ૨૦૭૬ પોષ વદ ૬ તા. ૧૫-૦૧-૨૦૨૦ બુધવાર** સુધી ખૂબજ ઉત્સાહ, ઉમંગ, અને ધામધુમથી દેવભૂમિ દલતુંગી નગરે ઉજવાયો.

ત્રયાહ્નિકા મહોત્સવ દરમ્યાન નમિઊણ મહાપુજન, અઢાર અભિષેક, સતરભેદી પુજા, રક્ત દાન શિબિર, યુવા જાગૃતિ આત્મચિંતન, રાસ-ગરબા, બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

જામનગરના સુપ્રસિધ્ધ લાઈવ બેન્ડ અને દલતુંગી ગામના યુવાનોના લેઝિમ બેન્ડ તથા ઢોલ અને શરણાઈ વાદકોના સથવારે પ.પૂ.આ.ભ. તથા આદી ઠાણાનું ભવ્યાતિભવ્ય નયનરમ્ય સામૈયું કરવામાં આવેલ. પૂજ્ય આચાર્યશ્રી તથા લાભાર્થી પરિવારોને હસ્તે મહાજનવાડીનું ઉદ્‌ઘાટન સહ સમવસરણે પ્રભુ પ્રતિષ્ઠા કરાઈ.

દલતુંગી નગરે આયોજીત પ્રથમ રક્તદાન શિબીરમાં ૭૫ લોકોએ રક્તદાન કરેલ. દેરાસરના સાધારણ ખાતા તથા જીવદયા માટે ટહેલ નખાતા ખૂબજ ઉત્સાહપૂર્વક દલતુંગી વાસીઓ, નિયાણી દિકરીઓ બહેનો, આમંત્રિત મહેમાનો તથા સ્થાનિક ગામવાસીઓએ ખોબલે ખોબલે પોતાની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી અનેરો લાભ લીધેલ.

ગામ મોટી ખાવડીના **મુમુક્ષુરત્ન આશાબેન રમેશચંદ્ર લોડાયા** તથા **મુમુક્ષુરત્ન યશવંતકુમાર રમેશચંદ્ર લોડાયા**નું બહુમાન તથા વર્ષીદાનના વરઘોડાનું આયોજન કરવામાં આવેલ.

ગુરૂવધામણાનો લાભ **માતુશ્રી સોનબાઈ દામજી લખમશી માલદે પરિવારે** તથા ગુરૂભગવંતોને કાંબળી વહોરવાનો લાભ **માતુશ્રી સરલાબેન લક્ષ્મીચંદ શામજી લાપસિયા પરિવારે** તથા સમવસરણે આરતી, દિવો, વર્ધમાન સ્વામી ભગવાનની પ્રતિમાને પોખવાનો લાભ **માતુશ્રી સોનબાઈ જેઠાલાલ રાયશી લાપસિયા પરિવારે** તથા ગુરૂપુજન, વારિષેણસ્વામી ભગવાનને પ્રતિમાને પોખવાનો લાભ, અંજનશલાકા પ્રતિષ્ઠા નિમિત્તે શાંતિનાથ ભગવાનની પ્રતિમાને પોખવાનો લાભ, રથયાત્રાનો લાભ **માતુશ્રી વિજયાબેન ડુંગરશી શામજી લાપસિયા પરિવારે** તથા ઋષભનાન ભગવાનની પ્રતિમાને પોખવાનો લાભ **માતુશ્રી કાંતાબેન વેરશી દેવશી લોડાયા પરિવારે** તથા ચંદ્રનાનસ્વામી ભગવાનની પ્રતિમાને પોખવાનો લાભ **અ.સૌ. નયનાબેન અશોક નરશી લાપસિયા પરિવારે** તથા કુમારપાળ મહારાજાની આરતીનો લાભ **માતુશ્રી નિર્મળાબેન ડુંગરશી શામજી માલદે પરિવારે** લીધેલ.

સમવસરણના લાભાર્થી પરિવાર, સમવસરણના પ્રતિમાના પ્રતિષ્ઠાના લાભાર્થી પરિવાર, દલતુંગી મહાજનવાડીના વિવિધ ચડાવાના લાભાર્થી પરિવાર, મહાજનવાડીના ભોજનશાળામાં કાયમી મીતીના લાભાર્થી પરિવાર તથા ત્રયાહ્નિકા મહોત્સવના લાભાર્થી પરિવાર ભરત ચક્રવતિ ભોજન ખંડના લાભાર્થી પરિવાર, શ્રીમાન નરેન્દ્રભાઈ નંદુ, શ્રી મેઘભાઈ નંદુ, હાલારના આપણા સમાજના સર્વે ગામોના પ્રમુખો/ટ્રસ્ટીઓ/આગેવાનો, દલતુંગી મહાજનવાડીનું બાંધકામ જેમના હાથ નીચે થયુ છે તેવાશ્રી કાંતિલાલ ભવાનજી લોડાયા, દેરાસરના પુજારી શ્રી. કિશોરભાઈ, દલતુંગી ગામના સરપંચશ્રી તથા સ્થાનિક અન્ય આગેવાનો, મહાજન વાડીના બાંધકામમાં યોગદાન આપનારા સોમપુરા તથા અન્ય કોન્ટ્રાક્ટરો તથા મહોત્સવ દરમ્યાન ખડે પગે નિઃસ્વાર્થ સેવા આપી. મહોત્સવમાં ચાર ચાંદ લગાડનાર સર્વે કાર્યકર્તા ભાઈઓ તથા બહેનોનું સન્માન કરવામાં આવેલ.

દલતુંગી નગરના સ્થાનિક રાજપુત સમાજ તથા સ્થાનિક ભરવાડ સમાજ દ્વારા શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, દલતુંગીના પ્રમુખ **શ્રી પ્રવિણ જેઠાલાલ રાયશી લાપસિયા**નું બહુમાન કરવામાં આવેલ.

**ખાસ નોંધ :** જે કોઈપણ પરિવારે **NEFT/RTGS** દ્વારા પેમેન્ટ બેંકમાં (સ્ટેટ બેંક ઑફ ઈંડિયા/અરિહંત કો.ઑ. બેંક) મોકલાવેલ છે એમને નમ્ર વિનંતી ટ્રસ્ટી **શ્રી પ્રવિણભાઈ રાયચંદ લોડાયા (મો. 9833819689)** નો સંપર્ક સાધી વિગત જણાવે જેથી રસીદો બનાવવામાં સુગમતા રહે.

દલતુંગી મહાજનવાડીમાં ફોટા યોજના **(રૂા. ૧૧,૦૦૦/-)** હજુ પણ ચાલુ હોવાથી લાભ લેવા ઈચ્છુક પરિવારે નામો તથા ફોટા **શ્રી હેમલ રજનીકાંત માલદે (મો. 9892331665)** અથવા **શ્રી કિરીટ કાંતીલાલ લોડાયા (મો. 9892517155)**ને મોકલી આપવા વિનંતી.

**લી. શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ વતી સર્વે ટ્રસ્ટીગણના જય જિનેન્દ્ર**

## The noticeable progress of K.D.O. Women
## A special write-up on International Women's Day




The normal jargon used these days to signify the increasing participation and presence of women in politics and corporates is women power. But I don't like to use this jargon as it smacks of power, which stands for authority and which may be o.k. for politics and corporates but not for society and community, where consent, cooperation and consensus are the mainstay and not authority and dominance. With this brief opening statement I now come to the heart of the topic. I have opted for English language as the target readers for this article or write up are youngsters.

In Prakash Samiksha's issue of 20-01-2020, the cover page had photos of 17 KDO youngsters who cleared CA course recently. I congratulate all of them and also the Editorial Board of Prakash Samiksha for such a nice and novel gesture of throwing lime light on young achievers. It may not be out of place to mention here, that the present Chief Editor of Prakash Samiksha Dr. Hirachand Dand is CA himself. The striking and stark reality of this cover page is the vide disparity of genders. Out of 17 CAs, 13 are girls and 4 are boys! We all know that our Gnati has been facing the problem of numeric gender inequality, wherein marriageable boys outnumber marriageable girls. And as per the data and details gathered in various 'yuvak yuvati parichay melas', most of the times the girls are more educated and academically qualified than boys. This academic inequality is emerging as one of the major causes of concern, beside the locational preference for matrimonial matters. So it is high time our young boys also pursue higher studies to bridge this yawning gap of academic inequality.

In last couple of decades, there is a quantum jump in the number of our youngsters opting for higher education in our Gnati. I PERSONALLY feel that two KDO institutions are instrumental in motivating our children and youngsters for this. One is Panjo Pratibimb Trust, which under the able leadership of Shri Chandrahansbhai R Khona and Dr. Laxmiben C Khona had felicitated for nearly 25 years meritorious students and even some others, irrespective of which village they hail from and not limited by geographical boundaries. Other institute is KDO CA Association which also felicitates students pursuing professional course like CA, CS, ICWA (now CMA) and MBA, on the same line, cutting across the barrier of villages and cities. Encouragement and motivation are great tools for social upliftment, progress, bonding and reforms.

Prior to this, in recently concluded election of Shri Mumbai Mahajan, the highest number of votes were polled by a women candidate. Both these incidents indicate that our Gnati is very progressive as far as treatment towards women is concerned. In spite of which a very large number of our girls and in majority of cases, highly qualified girls are opting for intercast marriages for which in one of my Gujarati article in Prakash Samiksha I had used the term DAUGHTER DRAIN.

It has also been observed that with the spread of education among women, coupled with more and more laws and statutes in favour of women, the social fabric of harmony and peace in marital life has been getting eroded and in the HONEY TRAP of carrier and material progress, the community suffers. For this state of affairs, we all are responsible. Usually on every International Women Day, many organizations and communities honour successful women and many a times, the young girls are also honoured. For academic success and professional success, there are respective institutes and organizations who should honour them and in the function which is solely for this felicitation. But on International Women's Day, our KDO community organizations must honour and felicitate only those girls rather women, who have married in our Gnati. Let us honour and respect the traditional role a woman is expected to play for the larger good of society, a house wife, a mother and a woman, I would like to term it THE COMPLETE WOMAN. To many this would sound rather harsh or biased, but we have rarely appreciated the traditional women. Let there be a new beginning and fresh air of thoughts. Let there be an act and not just hollow praise. I once again wish A VERY HAPPY WOMEN'S DAY to all our Gnati women and girls.

**- Pravinchandra Shamji Dharamashi (Shah)**
Kothara-Surat, 9978903247

# ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...'' મણકો-૮

લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

મણકા ૬ માં હું એ નિષ્કર્ષ ઉપર પહોંચ્યો હતો કે ''આત્માના સત્ય પ્રમાણે વિવેકમાં સ્થિર થઈને જીવનમાં ચાલવું તેનુ નામ ધર્મ છે.''

આ ચર્ચાઓમાં વિવિધ ચૈતન્ય ધારાઓનું સમાવેશ કરવાનો પ્રયત્ન કરીશ. એ નક્કી કરવા કે શું શ્રેષ્ઠ છે (ધર્મના પરિક્ષેપમાં). પુ. વિનોબાજી કહેતા કે સરેરાશ ઘરમાં પણ આવન-જાવન માટે બે-ત્રણ દરવાજા રાખનાર માણસ, પરમ ચૈતન્યમાં પ્રવેશ માટે એક જ ધર્મનો-સંપ્રદાયનો દરવાજો કેમ રાખતો હશે ? કદાચ તેની પાછળ વયં શ્રેષ્ઠાઃવાળો ભાવ બળવત્તર હશે. તે નિવારવા આ લેખોમાં અનેક ધારાઓ (જુદ-જુદા ધર્મના વિચારો-મારી સમજણ પ્રમાણે) વહેતી રાખીશ. **પરમ ચૈતન્ય કોઈનો એકાધિકાર નથી.**

ધર્મને સમજવા માટે તેમાં રહેલું તત્ત્વ, વિધાન, પરિભાષા અને કથાઓ ઉપર નિર્ભર રહેવું પડશે. આ કથાઓ બધા ધર્મોની મઝિયારી માલિકી છે. આવી કથાઓ બધા ધર્મોની સહીઆરી સંપદા છે. એના થકી બોધ મળતો હોય તે વિરાસત માનવ જાતની છે.

ધર્મ-અધ્યાત્મને સમજવાનો અને સમજાવવાનો પ્રયાસ શબ્દો થકી ખુબ થયો. આપણામાંનાં બૌદ્ધિકો એમ માને છે કે તર્ક-બુદ્ધિ-મન-શબ્દની રજુઆત થકી ધર્મ-અધ્યાત્મ સહજ અને સરળ બની જાય છે.

પણ મને અંગત રીતે એમ લાગ્યું છે કે બૌદ્ધિકતાનાં અતિરેકને લીધે ક્યારેક કોઈ બાબત સમજાવવી અઘરી છે અને ક્યારેક સમજવી. શબ્દોને ઓળંગી જતી કોઈ જીવંત ઘટના કે પ્રસંગ હોય તો તે શક્ય છે. બાકી **પરમ તત્ત્વ તો અવ્યાખ્યેય અને અપરિભાષ્ય છે.**

મને આનંદ એ વાતનો છે કે આજે પયુર્ષણ પર્વ દરમ્યાન ઠેર ઠેર વ્યાખ્યાન માળાઓ ગોઠવાય છે. જેમાં ચિંતકો પોતાનાં વિચાર મુકી એક ચિનગારી આપણા મનમાં પ્રગટાવવાનો પ્રયત્ન કરે છે. એ ચિનગારીથી આપણા વિચારોની મશાલ પ્રજ્જવલિત થઈ સત્ય (ધર્મની) ખોજમાં નિકળી પડે તો ઉત્તમ. એ વિચારોની ધારામાં કુદી પડી સત્ય શું છે ? તે આપણે શોધવાનું છે. કારણ કે નિરપેક્ષ સત્યને સમાવવા માટે એક શાસ્ત્ર, સંપ્રદાય, શબ્દ, સિદ્ધાંત કે સંત નાનો પડે છે.

તો ચાલો આપણે એ સત્યની ખોજમાં ''યા હોમ'' કરીને કુદી પડીએ. આપણે જો ખુલ્લા મને મરજીવા બની ધર્મ સાગરના તળિયે, વચ્ચે આવતા ઝાડ-ઝાંખરા ને દુર કરી આગળ વધશું તો અમુલ્ય મોતી હાથવેંતમાં જ મળશે. પણ આ સફર બહુ અટપટ્ટી રહેશે, કારણ કે આપણી સામે સત્ય નામનું ઉત્તુંગ શિખર તો દેખાશે પણ જુદી જુદી શ્રદ્ધા, માન્યતા, સિદ્ધાંતોના અડાબીડ જંગલ માંથી સાચી કેડી શોધવાની રહેશે. તો જુદા જુદા ધર્મોને સમજી સત્ય સુધી પહોંચવાના મહાઅભિયાનની શરૂઆત કરીએ.

સૌ પ્રથમ તો ધર્મનો ઈતિહાસ જાણવો જરૂરી છે (જે આવતા અંકમાં શરૂ કરીશું.)

આજે મને આનંદ એ વાતનો છે કે પર્યુષણ પર્વ દરમ્યાન એકાસણુ કરી રહેલા મારા ઘનિષ્ઠ મિત્રને એક બહેને સવાલ પુછ્યો **''જૈન ધર્મ એટલે શું ?''** (વધુ વિગત માટે મણકો એક જુઓ..)

આ સત્ય (ધર્મ)ને ખોજવાની યાત્રામાં બીજા કેટલાક યાત્રિઓ પણ જોડાઈ રહ્યા છે અને મને પ્રોત્સાહિત કરી રહ્યા છે. હાલમાં જ એક લગ્ન પ્રસંગે જવાનું થયું ત્યાં અનાયાસે કેટલીક વિરલ વ્યક્તિઓ સાથ ચર્ચાઓ થઈ જેમણે આ લેખો વાંચ્યા હતા. કેટલાકે શાબાશી આપી તો કેટલાકે ઠપકો અને કેટલાકે સુચનો. આનંદ એ વાતનો છે કે લોકો પ્રકાશ-સમીક્ષા વાંચે છે તેની મને જાણ થઈ. તેમને તેમના વિચાર પ્રગટ કરવા છે, ચર્ચવા છે. પણ કલમ પકડવાની હિમ્મત ચાલતી નથી અને આળસ ખંખેરી કાગળ શોધી પોતાના વિચારોને વાચા આપતા નથી.

હજુ લોકોમાં વધુ **પ્રકાશ** પ્રગટે અને મારા લેખોની યોગ્ય **સમીક્ષા** કરે તો દર ૧૫ દિવસે કરવી પડતી આ મથામણનો મને આનંદ થશે. વિરમતા પહેલા કવિ કલાપીની એક પંક્તિ યાદ આવે.

**''જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી છે આપની''**

(આ લેખ લખવામાં શ્રી સુભાષ ભટ્ટનું પુસ્તક ''અનહદ બાની'' અને મારા પરમ મિત્ર અને માર્ગદર્શક ડૉ. રમઝાન હસણિયા (મદદનીશ પ્રોફેસર, ગવર્મેન્ટ કોલેજ-રાપર)ની ટુંકી નોંધોનો સહારો લીધો છે અને તેમનો ઋણી છું.)

# શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ – તેરા
# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન સાર્વજનિક ટ્રસ્ટ – તેરા
# શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ – તેરા

કચ્છ તેરા ગામે, **શ્રી જીરાવલ્લા દાદાની ૧૬૨મી ધ્વજા** અને **શ્રી શામળીયા દાદાની ૧૯૯ મી ધ્વજા** મહાસુદ પાંચમ ને બુધવાર તા. ૨૯/૧/૨૦૨૦ ના પ.પૂ. અચલગચ્છાધિપતિ શ્રીના આજ્ઞાનુવર્તિ પ.પૂ. મુનીરાજ શ્રી મૂક્તિરત્નસાગરજી મ.સા. અને બા.બ્ર. તેરા રત્ના પ.પૂ. સા. શ્રી હંસાવલીશ્રી મ.સા. આદીઠાણાની પાવન નીશ્રામાં, ચર્તુવિધ શ્રી સંઘની હાજરીમાં ખૂબજ ભક્તિમય અને હર્ષોલ્લાસપૂર્વક લહેરાઈ. તેરા, કુવાપધર, લાખણીયા અને ધુફી (તેકુલાધુ) ગામની નિયાણીઓએ પોતાના માદરે વતન પધારી, દાદાની ધ્વજા ચડાવવાનો અને અઢાર અભિષેક સહ ત્રણે દિવસની સાર્ધમિક ભક્તિનો અનેરો લાભ સહૃદયપૂર્વક લીધો તે બદલ.... આભાર... અનુમોદના... ધન્યવાદ...

આવતા વર્ષે એટલે કે સંવત વર્ષ ૨૦૭૭ના શ્રી શામળીયા દાદાના જિનાલય શ્રી ૨૦૦મી ધ્વજાનો પ્રસંગ ખૂબ જ ભક્તિભાવ સહ હર્ષોલ્લાસે ઉજવવાની આગોતરી તૈયારીઓની શરૂઆત થઈ ગઈ છે.

૧૯૯મી ધ્વજા પ્રસંગે, ચતુર્વિધ સંઘની હાજરીમાં પધારેલા સહુ ભાવિકોના હૈયા હિલોડે ચડ્યા હતા. સહુ દાદાની ભક્તિભાવનામાં ભીંજાયા હતા. દેવ ગુરૂ કૃપાએ ૨૦૦મી ધ્વજાનો મહા મહોત્સવ ઉજવવા માટે સર્વ સાધારણ ફંડના લાખેણા (રૂા. ૧,૦૦,૦૦૦/-) દાતાની ટહેલ પડતા, હાજર રહેલા ભક્તજનો ત્વરીત વરસી પડ્યા હતા અને જોત જોતામાં ૨૫ દાતાઓએ પોતાના નામ (નીચે પ્રમાણે) લખાવી પુણ્ય નું ઉપાર્જન કર્યું હતું.

## શ્રી શામળીયા પાર્શ્વનાથ પ્રભુની ૨૦૦ મી ધ્વજાના લાખેણા દાતાશ્રીઓની નામાવલી

૧. માતુશ્રી ગંગાબાઈ નારાણજી શિવજી દંડ પરિવાર (તેરા) શ્રી રમેશભાઈ દંડ ની સ્મૃતિમાં
૨. શ્રી આણંદ પરિવાર હ. અ. સૌ. જ્યોતિબેન નરેન્દ્રભાઈ દંડ (તેરા)
૩. શ્રી આણંદ પરિવાર હ. અ. સૌ. તોરલબેન કુમારભાઈ દંડ (તેરા)
૪. માતુશ્રી ઝવેરબાઇ કલ્યાણજી મુલજી લોડાયા પરિવાર (તેરા) વડોદરા/આણંદ
૫. માતુશ્રી પુષ્પાબાઈ પદમસી માલસી સાયલા પરિવાર (તેરા)
૬. માતુશ્રી લખમીબાઈ ખેતશી કરમશી લોડાયા હ. નરશીભાઇ ખેતશી લોડાયા (તેરા) અંજાર
૭. શ્રી આણંદ પરિવાર હ. અ. સૌ. લલીતાબેન હીરાચંદભાઈ દંડ (તેરા)
૮. શ્રી. શીવજી ડુંગરસી પટેલ (મોતા) હ. અ. સૌ. પુષ્પાબેન ભરત પટેલ (તેરા)
૯. માતુશ્રી મણીબેન ધનજી નરશી દંડ પરિવાર (તેરા) હ. દિકરા-દિકરી
૧૦. માતુશ્રી માકબાઈ લક્ષ્મીચંદ સોની (વાંકુ) તથા માતુશ્રી કાન્તાબાઈ મુલજી લોડાયા (નિયાણી) સાંધવ
૧૧. માતુશ્રી મણીબેન વીરચંદ જીવરાજ સાંયા (ભુજ-સુજાપુર)
૧૨. શ્રી શરદચંદ્ર રતનશી લાપસીયા (તેરા)
૧૩. માતુશ્રી બાંયાબાઈ શામજી ખેતસી ગાલા (તેરા) હ. જેની, જાન્વી, મીત, દિપક ગાલા તથા કરણ પ્રિતેશ ગાલા (તેરા)
૧૪. શ્રીમતી કલ્પનાબેન કાન્તીલાલ મોતા તથા શ્રીમતી લતાબેન કિરીટભાઈ કુરવા (ગાંધીધામ-ઘાટકોપર)
૧૫. શ્રી તેકુલાધુ નિયાણી બહેનો (તેરા) હ. લીલાબેન તથા લતાબેન
૧૬. શ્રી તેકુલાધુ નિયાણી બહેનો (તેરા) હ. લીલાબેન તથા લતાબેન
૧૭. માતુશ્રી શાન્તીબાઈ રાયચંદ કુંવરજી મોતા હ. ચંદ્રાબેન જયકાંત મોતા (તેરા)
૧૮. માતુશ્રી નવલબાઈ ખેતસી મેઘજી ધરમસી (તેરા) હ. દિકરા-દિકરીઓ
૧૯. અ. સૌ હંસાબેન નરેન્દ્રભાઈ લાલજી ખોના (તેરા)
૨૦. શ્રી આણંદ પરિવાર હ. અરૂણાબેન મહેન્દ્રભાઈ દંડ (તેરા)
૨૧. માતુશ્રી ગંગાબાઈ ચત્રભોજ દેવરાજ સાયલા હ. દિકરા-દિકરી, પૌત્રા-પૌત્રી (તેરા)
૨૨. માતુશ્રી ચંદનબેન ડુંગરસી ચુરલા (સાંધાણ) હ. કુસુમબેન દંડ (તેરા)
૨૩. માતુશ્રી લક્ષ્મીબાઇ વેલજી ખેતસી લોડાયા હ. પુષ્પાબેન (તેરા)
૨૪. માતુશ્રી પ્રેમાબાઈ રાયચંદ ધારસી છેડા પરિવાર (તેરા)
૨૫. શા. જેઠાભાઈ ખીંયરાજ ખોના પરિવાર હ. મહેન્દ્રભાઈ (તેરા)

સર્વે લાખેણા દાતાઓનો સબહુમાન પૂર્વક આભાર-અનુમોદના (ઉપરોક્ત નામમાં કોઈપણ ફેરફાર હોય તુરંત ટ્રસ્ટી/ કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી.)

આથી સર્વે ગામવાસીઓ (તેકુલાધુ પરિવાર) તથા નિયાણી બહેનોને વિનંતી કે કોઈક પુણ્યોદયે, જૈન કુળ સહ માનવભવ આપણને પ્રાપ્ત થયો છે અને પ્રગટ પ્રભાવી, ચિંતામણી એવા શ્રી શામળીયા દાદાની ૨૦૦મી ધ્વજા ઉજવવાનો લાખેણો અવસર આપણા આંગણે પધાર્યો છે, ત્યારે આપની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવા, ધર્મની જ્યોત જગાવવા, દાદાની ભક્તિ કરવા રૂા. ૧,૦૦,૦૦૦/- અથવા તેથી વધુ રકમ સર્વ સાધારણ ફંડમાં લખાવી મહામહોત્સવમાં પૂરેપૂરો સહયોગ આપવા વિનંતી.

રૂા. ૧,૦૦,૦૦૦/- અથવા તેથી વધુ રકમનો સહયોગ આપનારના નામો શ્રી શામળીયાજી દાદાના ચોગાનમાં તક્તિરૂપે લખવામાં આવશે.

આ મહા-મહોત્સવ પ્રસંગના આયોજનમાં આપશ્રીનું કોઈપણ સૂચન હોય તો સંપર્ક કરવા વિનંતી.

**શ્રી નરેન્દ્ર શામજી દંડ**
**(90043 91413)**

**શ્રી કુમાર બાબુભાઈ દંડ**
**(93226 80008 / 99209 35414)**

**લી. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન તેરા અને શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ - મુંબઈ**

# અલાર્મ એટલે શું?

ટકોર કરનાર ટકોરો એટલે અલાર્મ.

આ અલાર્મનું આપણા જીવનમાં કેટલું મહત્વ છે? કેવી રીતે? આનો જવાબ માત્ર એટલો કે જો સંપૂર્ણ વિશ્વ આજે પ્રગતિશિલ બન્યું છે, તો એનું એક માત્ર કારણ છે આ અલાર્મ! આ અલાર્મ બે પ્રકારના હોય છે. એક યાંત્રિક અલાર્મ બીજો કુદરતી અલાર્મ.

યાંત્રિક અલાર્મનો ઉપયોગ આજે સામાન્ય બનતો જાય છે. વ્યક્તિ હવે પરાધીન બનતો જાય છે. આજના આ ભૌતિક યુગમાં માનવી જ્યારે દરેક કામ માટે યંત્રનો આશરો લેતો થયો છે. એનું જીવન યંત્રની કેદમાં પુરાતું જાય છે. રોજબરોજના કાર્યોમાં ઉઠ્યા ત્યારથી લઇ સુતા સુધીની એની જિંદગી, યંત્રના ઈશારાથી શરૂ થાય છે અને યંત્રના ઇશારાથી બંધ થાય છે. આજના આ બદલાતા યુગમાં એ સામાન્ય છે અને એને સ્વીકારવું એ આપણી જરૂરિયાત, આપણી ફરજ બની છે એટલે એ પણ ઠીક, પણ છતાંય જો યંત્રરૂપી અલાર્મ પણ હોય ને છતાં આપણે નિદ્રાના નાદે આળસની કેદમાં રહેતા હોઈએ તો એનું શું? એનું માત્ર એટલું જ કે જે સુતો રહ્યો મેદમાં તેનું ભાગ્ય ગયું કેદમાં.

આપણને જીવનમાં હરરોજ હરઘડી અલાર્મ રૂપી સંકેત મળ્યા કરતા હોય છે પણ આપણે એની દરકાર કરતા નથી હોતા. જો અલાર્મના આ અવાજ સાંભળીને પણ આપણે એની અવગણના કરી સૂતા રહીએ તો આપણે માત્ર કામમાં જ નહીં પરંતુ સંપૂર્ણ સંબંધોમાં પણ પાછળ રહી જતા હોઇએ છીએ. કારણકે સમયસર કામ ન થવાને કારણે આપણે હંમેશા તાણમાં રહીએ છીએ. તાણ આપણા વ્યવહાર, વાણી અને વ્યક્તિત્વમાં દેખાય છે. આપણા સંબંધોને મીઠા અને મધુર બનાવવાની જગ્યાએ ખારા ને કડવા બનાવે છે. કારણકે આપણી માનસિકતા આપણા હાવભાવમાં આવ્યા વગર રહેતી નથી. ને જો આપણે પ્રમાણિકતાથી એના અવાજથી, એની ચેતવણીથી ઉઠી અને નિયમિતતા ને સ્વીકારી કામ કરીએ છીએ તો ચારેકોર પ્રસન્નતા છવાઈ જાય છે. સૌને સમયસર કામ પૂરું કરી આપી સૌનો પ્રેમ પામી આપણે સંતુષ્ટતા અનુભવીએ છીએ. અને એ સંતુષ્ટતા આપણા જીવનને ખીલવે છે. એના લીધે આપણે જ્યારે જ્યારે ડગલું ભરીએ છીએ ત્યારે ત્યારે હકારાત્મકતા સાથે ચાલે છે. ને વાતાવરણ સાક્ષી બની આપણો સર્વાંગી વિકાસ કરે છે. સર્વાંગી વિકાસ એટલે એવું નહીં કે માણસ સંપૂર્ણ માત્ર ધન મિલકતને પામે અને તેને સિદ્ધિ વરે. સર્વાંગી વિકાસ કે જે મનુષ્યના દરેક અણુમાં ખુશી સમાયેલી હોય, સંતોષનો ભાવ સમાયેલો હોય, હકારાત્મકતાનો વિશ્વાસ સમાયેલો હોય અને આવું શરીર એટલે નિર્ભય નિર્વિકારી રોગ રહિત શરીર. માટે સંકેત રૂપી અલાર્મ જેણે સ્વીકાર્યો છે એને જીવને સ્વીકાર્યો છે.

યંત્ર તો યંત્ર, પણ તેને વફાદાર રહેવાથી તમે દુનિયા આખીને વફાદાર રહી શકશો ને તમે તમારા જીવનની દરેકેદરેક જવાબદારીને વફાદાર રહી શકશો. એવી સચોટ ખાતરી એક નિર્જીવ યંત્ર આપે છે. અને હા જે વ્યક્તિની અંદર કુદરતી અલાર્મ સમાયેલો છે એટલે કે સંપૂર્ણ જાગૃત માનવી એને આજના યુગમાં પણ કોઈ અલાર્મની જરૂર નથી. એના મસ્તિકની અંદર વિચારોના ખૂણેખૂણા ચેતવણીથી ભરેલા છે. તેના દરેક અણુ આજ્ઞાકારી છે. કે વિચારોના આચારોના હુકમને તરત જ સ્વીકારી કાર્યરત બને છે. અને સંપૂર્ણ શરીર સજાગ રહે છે. હંમેશા સમય કરતાં પણ આગળ ચાલે છે. યાંત્રિક અલાર્મ ચાર એટલે ચારના ટકોરે જ ટકોર કરશે. પણ કુદરતી અલાર્મ જેની અંદર ફીટ છે તે ચારના પોણાચારે ઉઠશે પણ સવાચારે તો નહીં જ. માટે એ કુદરતી સંકેત પણ તરત જ પકડી લે છે. જીવનમાં ઘટતી ઘટનાઓના અલાર્મને પણ ઓળખી લે છે. અને સજાગ માનસ સાથે એનો સામનો કરે છે. દરેક પડકારમાં વિજય પામે છે. આવા અલાર્મ ધરાવતો માનવી એટલે જ પૃથ્વીનો સાચો અધિકારી, સાચો રહેવાસી, ધરાનો સાચો ધણી.

**– ભાવિની લોડાયા, મો.: 9167667126**

## વિનમ્ર નિવેદન

ક.દ.ઓ. મહાજન, ટ્રસ્ટ તથા અન્ય ક.દ.ઓ. સેવાભાવી સંસ્થાઓના ટ્રસ્ટી મંડળ તથા કારોબારી સમિતિના પદાધિકારીઓની નામાવલી પ્રકાશ સમીક્ષાને મોકલવા વિનંતી.

**E-mail : kdoprakash@gmail.com**

## વિશેષ નોંધ :

જીવનચક્રમાં પ્રકાશિત થતી લગ્ન-સગપણ, જન્મ-મરણની વિગતોમાં મહિનાની છેલ્લી તારીખ સુધી આવેલી માહિતી તા. ૫ ના અંકમાં તથા ૧૫ તારીખ સુધી આવેલી માહિતી તા. ૨૦ ના અંકમાં પ્રકાશિત થશે જેની નોંધ લેવા ખાસ વિનંતી. **– તંત્રી મંડળ**

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - ટ્રસ્ટ મોટી સિંધોડી
## આયોજીત ૨૦મા સ્નેહ મિલનનો સંક્ષિપ્ત અહેવાલ ગતાંકથી ક્રમશઃ

શ્રી સંઘના પારિવારિક મિત્ર... કલ્યાણ મિત્ર... શ્રી સોમચંદભાઇ લોડાયા (આરીખાણા-મુલુંડ)નું તેમના મહત્તમ યોગદાન બદલ સમાજના અગ્રણી શ્રી હંસ કુમાર મૈશેરી તથા શ્રી મુકેશભાઇ મૈશેરી દ્વારા અભિવાદન કરવામાં આવેલ. તાજેતરમાં જ એમના તરફથી શ્રી સંઘને જરૂરી એવી મજબૂત ''તિજોરી'' (સ્ટેન્ડ સાથે) ભેટ મળેલ છે. ભૂરી ભૂરી અનુમોદના...

શ્રી સંઘના સાધારણ ખાતાને મજબૂત કરવાના આશયથી કુ. પલક જેમીનીબેન હેમાંગ લોડાયા હસ્તે અ.સૌ. અનીતાબેન ભરતભાઇ લોડાયા પરીવારે રૂા. ૫૧૦૦૦/-ના માતબર રકમની જાહેરાત કરી, એક અનુકરણીય અને પ્રશંસનીય દ્રષ્ટાંત આપ્યો. તો સાથોસાથ સાધારણ ફંડમાં માતુશ્રી તરલાબેન મણીકાંતભાઇ ધુલ્લા પરીવારે રૂા. ૨૫૦૦૦/-ના ઉત્કૃષ્ટ દાનની જાહેરાત કરી.

સમય અનુસાર સુધારા બદલ શ્રી મહાજનને પીઠબળ બની પ્રોત્સાહન આપવા બદલ ગામવાસીઓનો ખૂબ ખૂબ આભાર.

મુંબઇ મહાજનના ભાવિ પ્રમુખશ્રી નયનભાઇ ભેદા, જ્ઞાતિ આગેવાન શ્રી મણીકાંતભાઇ ધુલ્લા, શ્રી મયુરભાઇ ધુલ્લા, શ્રી હંસકુમાર મૈશેરી, શ્રી મુકેશભાઇ મૈશેરી, ગઢવી સમાજના અગ્રણી શ્રી વાલજીભાઇ ગઢવી, શ્રી વિશ્રામભાઇ ગઢવી વગેરે મહાનુભવોની ચેતના સભર હાજરીથી સમારંભ શોભી રહ્યો. જિનાલયની દરેક ધ્વજાના ચડાવા ઉત્સાહ સભર રહ્યા. આ રેકોર્ડ-બ્રેક ચડાવા લેવામાં ચેતનાબેન હરીયા, (પદ્મા આર્ટસ) શ્રી કીર્તિભાઇ હરીયા તથા શ્રી ભાવિક હરીયાએ સારી રંગત જમાવી. ટ્રસ્ટીગણ, મહાજનના પદાધિકારીઓ તથા કારોબારી સભ્યો, મહિલા મંડળના પદાધિકારીઓ તથા સભ્યો અને ખાસ આપણા વોલીન્ટર ભાઇ-બહેનોની જહેમતથી કાર્યક્રમ દિપી ઉઠ્યો.



**અઢાર અભિષેક : શુક્રવાર, તા. ૨૪-૦૪-૨૦૨૦ના સવારના ૯.૦૦ કલાકે**
**ધ્વજા મહોત્સવ : શનિવાર, તા. ૨૫-૦૪-૨૦૨૦ના સવારના ૧૨.૩૯ કલાકે**

**ગામવાસીઓ, નિયાણી બહેનો સહપરિવાર તથા ધ્વજા અને અઢાર અભિષેકના લાભાર્થી પરિવારો ઉપરોક્ત કાર્યક્રમમાં મોટી સિંધોડી પધારવાના હોય તેઓએ સંપર્ક કરવો. આપની આવવાની સંખ્યા જણાવવી ખૂબજ જરૂરી છે જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.**


# પરમ
શક્તિ સંજીવની સોસાયટી
સખ્ય ■ સાથ ■ સ્નેહ

આયોજીત

**શ્રી લખ-લક્ષ્મી લુઠીયા વિવિધલક્ષી જન સહાયક ફંડ**

પ્રેરિત

**બારે માસ ભરવા લાયક શુધ્ધ અનાજ, મસાલા, સુકવણી, હાથે બનાવેલી ખાદ્ય-વસ્તુઓ તથા ઘરગથ્થુ ઉપયોગી વસ્તુઓનું હોલસેલ ભાવે વિતરણ**

તારીખ : **૨૦ અને ૨૧ માર્ચ ૨૦૨૦**
સમય : **સવારે ૧૦ થી સાંજે ૬.૩૦ કલાકે**
સ્થળ : **પરમ કેશવ બાગ, નવરોજી લેન, ઘાટકોપર (પશ્ચિમ), મુંબઇ-૪૦૦ ૦૮૬.**

**-ઃ સ્ટૉલ બુકિંગ માટે સંપર્ક કરો ઃ-**

**પારૂલ મોતા - 93222 80529**
**વૈશાલી શાહ - 99204 22250**

**ખાસ નોંધ : થેલી/થેલા સાથે લઇ આવવાનું ભૂલશો નહિ.**


**ભુલ સુધાર :** ગતાંકમાં છપાયેલ અંક નં. ૧૪ પાના નં. ૧૬ પર શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈની જાહેરાતમાં **ડોંબિવલી :** ગુરૂવાર, તા. ૧૯-૦૩-૨૦૨૦ના રાત્રે ૭.૪૫ કલાકે ● સ્થળ : સાવિત્રીબાઇ ફુલે નાટ્ય મંદિર, MIDC, ડોંબિવલી (પૂર્વ) વાંચવું.

---

**ભુલ સુધાર :** ગતાંકમાં છપાયેલ અંક નં. ૧૪ પાના નં. ૧૧ પર **શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન**ની જાહેરાતમાં શાંતિનાથ જિનાલયની ધ્વજાના લાભાર્થીમાં ફક્ત શ્રી ખેતશી મુલજી શિયાલ અને માતુશ્રી સોનબાઇ વિશનજી ખીમજી મૈશેરી પરિવાર વાંચવું. અને અંગલુછણાના લાભાર્થીમાં ફક્ત માતુશ્રી દિવ્યાબેન દામજી લોડાયા પરિવાર તથા માતુશ્રી પુષ્પાબેન પદમશી મોમાયા પરિવાર વાંચવું

## કન્યા જોઈએ છે

જન્મ-1989, ઉંચાઈ-5'.5", વર્ણ-ગોરો, મોતીલાલ ઓસવાલ કંપનીમાં જોબ, એન્જિનિયર યુવક માટે ઇચ્છુક કન્યાના વડીલો સંપર્ક કરે. સંપર્ક : **75070 55315**

# અનુભવનું અમૃત

આ નવી કૉલમમાં આપને થયેલા જીવનલક્ષી હકારાત્મક અનુભવના લખાણને સ્થાન આપવામાં આવશે. અન્યો માટે પ્રેરણાત્મક થતા પ્રોત્સાહક બાબતોને પ્રાધાન્ય આપનારા લેખો આવકાર્ય ગણાશે. આ વિભાગ માટે લખાણ મોકલવા સંપર્ક :
**જીજ્ઞેશ ચંદ્રકાન્ત હંસરાજ લોડાયા,** વારાપધર-ડોંબિવલી મો.: 98334 32251, avaniprintcare@gmail.com

## ઓઢણી

જિનશાસનને વરેલા હોય એટલે સ્વાભાવિક વિવેક અને વિનય સરળતાથી વ્યક્તિના લોહીમાં હોય જ! એક જૈન શ્રાવકના ઘરે જન્મ લેનારી દીકરીની વાત અહીં આવે છે. ઘરમાં શ્રાવક-શ્રાવિકા બન્ને ધર્મપ્રિય હતાં. નિત્યક્રમમાં આવશ્યક ક્રિયાથી નિયમબદ્ધ હતાં. જરૂરી પચ્ચક્ખાણ લઇ સારી રીતે તેનું પાલન કરતાં.

કર્મની ગતિ ન્યારી! ઘરે લક્ષ્મી સ્વરૂપ દીકરીએ જન્મ લેતાં ઘરમાં ખુશીનું વાતાવરણ હતું. વ્યવહારિક અભ્યાસ સાથે જિનશાસન માટે જરૂરી અભ્યાસ કરાવવા પાઠશાળામાં મોકલતાં. કોઇ વિશેષ રૂચી દીકરીને ન હતી. જબરદસ્તીથી પાઠશાળામાં મોકલવામાં આવતી જેથી તેનું જ્ઞાન વધે. આગળ જતાં તેને ઉપયોગી થઇ પડે. નાની ઉંમરમાં કોઇપણ ગાથા કંઠસ્થ કરવી ખૂબજ સરળ રહે. ગાથાઓ કંઠસ્થ કરવામાં અરૂચિ ધરાવતા, પપ્પાની લાડકી હોવાથી દરેક વખતે મનાવી લેતી. પપ્પા પણ એટલા જ રાગી હોવાથી ચલાવી લેતાં. ધીમે ધીમે વ્યવહારિક અભ્યાસ વધવાથી ધાર્મિક અભ્યાસ છૂટતો ગયો સાથે ધાર્મિક સંસ્કાર!

વ્યવહારિક અભ્યાસમાં હોંશિયાર હોવાથી સારા ગુણ મેળવવાથી તેની દરેક ઈચ્છા પુરી કરવા પરિવાર તત્પર રહેતો. યોગ્ય સમયે જૈન સમાજના એક સાધન સંપન્ન અને સંસ્કારી પરિવારમાં વિવાહ થયાં. ગર્ભ શ્રીમંત હતા તેમજ પરિવારની નામના અદ્વિતીય હતી એટલે દીકરીના પરિવારના લોકો ખુશ હતાં. વિદાય વેળાએ પિતાએ દીકરીના કાનમાં આગ્રહ સાથે જણાવ્યું કે બેટા ધર્મને જીવનમાં પ્રાથમિકતા આપજે. શક્ય હોય તો જિનેશ્વર પરમાત્માની નવાંગે પૂજા કરજે. પૂર્વ ભવમાં કરેલ પૂણ્યના કાર્યોથી જ તને આવો પરિવાર પ્રાપ્ત થયો છે! સુખદ વિદાઇ થઇ.

સાસરા પરિવાર પણ ધર્મચૂસ્ત હતું. પરંતુ ક્યારેય પણ પુત્રવધુ પર પોતાનો આગ્રહ ન કરતાં. પણ પુત્રવધુ જિનાલયે જાય પ્રભુ પૂજા વગેરે કરે તેવી માનસિક ઇચ્છા જરૂર ધરાવતા. દીકરી પણ વધુ રૂચી ન ધરાવતાં સંસારિક કાર્યમાં અગ્રેસર રહેતી. રસોઇ કે સંસારિક વ્યવહારમાં કુશળ હતી. અહીં સાસરીયામાં પોતાની એક અલગ ઓળખ બનાવી માવિત્રનું નામ રોશન કર્યુ હતું.

પર્યુષણ પર્વના દિવસો આવ્યા. ઘરમાં ખુશીનું વાતાવરણ હતું. તપ-જપ-વ્યાખ્યાન વાણી-ગુરુ ભગવંતોના વૈયાવચ્ચમાં તેમજ જિનાલયના વાર્ષિક જરૂરીયાતોમાં પોતાનું યોગદાન બાબતે ચર્ચાઓ થતી અને વિશેષ શ્રી સંઘને વધુ કેવી રીતે ઉપયોગી થઇ શકે તેની પારિવારિક વિચારણા પણ થતી.

પર્વના દિવસો શરૂ થયા, પ્રથમ દિવસ ગુરૂભગવંતોની નિશ્રામાં વ્યાખ્યાન શરૂ થયા. સુંદર તપ-જપની આરાધનાઓ શરૂ થઇ. વર્ષે દહાડે કે પર્વ તિથિએ પધારનારાઓની સંખ્યા પણ વધારે હતી. જેમને રૂચિ હોય કે ન હોય પરંતુ પર્વાધિરાજ પર્વે અચૂક આવે જ ! વહુ આજના મહાન દિવસે પણ દેરાસરમાં દર્શને આવી ન હતી. જેથી સાસુમાને મનમાં લાગી આવ્યું. ઘરે જઈને પુત્રવધુને સમજાવ્યું. કંઇ નહીં ! પરંતુ સમય કાઢી પર્વાધિરાજ પર્વના બાકીનો સમય ધર્મારાધના અવશ્ય કરે ! સંસારિક ક્રિયાઓ ક્યારેય ખૂટવાની જ નથી ! વહુને મનાવી લીધી.

પર્વાધિરાજ પર્વનો દ્વિતીય દિવસ હતો. સોળ શણગાર સાથે પુત્રવધુ પોતાના ભરથાર સાથે જિનાલયે આવી. મનમાં આનંદ અને સંકોચ બન્ને હતાં. તિલક કરી, કેસરની વાટકી અને પુષ્પોની થાળ ભરી જિનાલયે પ્રવેશ કર્યો. નાનપણમાં પાઠશાળામાં શીખેલ અભ્યાસનું પુનરાવર્તન કરવાનો ઉચિત સમય હતો. મુખકોશ બાંધી ગર્ભગૃહે પ્રવેશ કર્યો.

મૂળનાયક જિનેશ્વરને નવાંગી તિલક કરવાનું શરૂ જ કર્યું ત્યાં રંગમંડપ ચૈત્યવંદન કરતાં બહેને પાછળથી બૂમ પાડી કહ્યું, ''શરમ બરમ છે કે નહીં! માથે ''ઓઢણી'' કેમ ઓઢી નથી? આટલો વિવેક કે વિનય ન હોય તો પૂજા શું કામ કરો છો? મર્યાદા વગેરે છે કે નહીં? પૈસાવાળા હોય એટલે શું અવિનય ચાલે? બહેને વાક્ચાતુર્યથી બોલવાની લાંબી શ્રેણીના ફટાકડાની સરીની જેમ પુત્રવધુ ઉપર ફોડી નાખી. રંગમંડપમાં બેઠેલા સહુએ બોલકા બહેનના વર્તણૂંકની મૂક બની નોંધ લીધી. પુત્રવધુ શરમજનક સ્થિતિમાં મૂકાયા. અપમાન જેવું લાગ્યું, પરંતુ પ્રત્યુત્તર અપાય તેમ ન હતું. કેમકે ભૂલ સમજાઇ પરંતુ કહેવાની પદ્ધતિ યોગ્ય ન લાગી. તરત જ ગર્ભગૃહમાંથી નવાંગી પૂજા કરી બહાર આવી તરત

જ ઘર ભેગી થઈ.

આમ પર્વાધિરાજ પર્વ સંપન્ન થયો પરંતુ પુત્રવધુની માત્ર એક જ દિવસ (ઘટનાના દિવસે) જ હાજરી રહી. પછી પાછા વળીને ક્યારેય જિનાલયે ન જવાનો સંકલ્પ કર્યો. પેલા બહેને આવડતના અભિમાનથી પુત્રવધુને જિનાલય દર્શનથી વંચિત કરવામાં નિમિત્ત બન્યા. જબરદસ્ત અંતરાયકર્મનો ઉદય કર્યો સાથે દર્શનાંતરાય કર્મનું તિલક સૂચના આપનાર બહેનના ઉદયમાં લખાઈ ગયું. રંગમંડપમાં બેઠેલા બહેને પુત્રવધુને ''ઓઢણી'' ઓઢાડવામાં પોતાનું પતન નોંતર્યું.

**નોંધ :** ઘણા લોકો આવા પ્રકારની બોલવાની કે ટોકવાની પ્રવૃત્તિઓ કરતાં હોય છે. ઉચિત છે વિવેક અને સભ્યતાથી તેમજ કુશળતા પૂર્વક સમજાવી શકાય તેમ છે. અજ્ઞાનતામાં કોઇ કાર્ય થાય તો યોગ્ય રીતે સમજાવવાનો પ્રયાસ જરૂરી છે. આપણી આવડત અને જ્ઞાન ક્યાંક આપણા પતનમાં નિમિત્ત ન બને તેનું વિવેક રાખવો વ્યક્તિ અનુભવથી અને અનુકરણથી લોકોને જોતા પણ સ્વયં શીખી જાય છે.

જિનાજ્ઞા વિરાધના થઇ હોયતો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ !

– **જીજ્ઞેશ ચંદ્રકાન્ત લોડાયા**, વારાપધર-ડોંબિવલી

## કોમવાદ...!!

વિશ્વમાં જૈનોના રહ્યા અનેક તીર્થધામ,
તેમાય અવ્વલ નવાબી નગર ખંભાત
જ્યા બિરાજતા ૧૦૮ પાર્શ્વનાથમાંના એક,
સાક્ષાત પરમાત્મા સ્થંભણ પાર્શ્વનાથ
ગુંજતો રહે જ્યાં ગલીયે ગલીયે,
નિશદિન મધુર ઝાલરનો રણકાર
ત્યાં ગરજ્યો આજે અચાનક,
પુનઃ ભસ્માસુર નામે કોમવાદ
ભડકે બાળ્યા કેટલાય વાહન,
ના છોડ્યા ચોક, રહેઠાણ કે દુકાન
પ્રતીબંધ્યો પ્રવેશ નગરે મહેમાન,
ધબકતું શહેર બન્યું જાણે ભેંકાર સ્મશાન
ક્યારે જઈ અટકશે આ મિથ્યા વિખવાદ,
કે થયા જ કરશે આમ જ ગામો બરબાદ....!

– **જ્ઞાનેશ જયચંદ લાપસીયા**, મુલુંડ ચેકનાકા-દલતુંગી

**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. – **તંત્રી મંડળ**


।। શ્રી ગોડીયા પાર્શ્વનાથ નમઃ।।

**શ્રી રાપર ગઢવારી - નાની સિંધોડી જૈન સંઘ આયોજીત ૧૨૮ મો ધ્વજા મહોત્સવ**

**ભારતભરમાં વસતા રાપરગઢ - નાની સિંધોડી ગામવાસીઓ તથા નિયાણી બહેનોને ૧૨૮ મા દ્વિ-દિવસીય ધ્વજા મહોત્સવમાં પધારવા ભાવભર્યૂ આમંત્રણ છે.**

| | | |
|---|---|---|
| **પ્રથમ દિવસ** | જેઠ સુદ ૯, શનિવાર તા. ૩૦-૫-૨૦૨૦ | સવારના ૯.૦૦ કલાકે શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પુજા, બપોરના ૧૨.૩૯ કલાકે શ્રી પ્રભુજીના અઢાર અભિષેક, રાત્રે સંગીત સાથે. |
| **દ્વિતિય દિવસ** | જેઠ સુદ ૧૦, રવિવાર તા. ૩૧-૫-૨૦૨૦ | સવારે ૯.૦૦ કલાકે સત્તરભેદી પુજા, શુભ મુહુર્તે આનંદ ઉલ્લાસ સહ ધ્વજારોહણ. |

વિધિકાર : **શ્રી પ્રફુલભાઈ (ભાભર)** સંગીતકાર : **શ્રી ઈરફાન મીર**

**નિમંત્રક તેમજ સંપુર્ણ દ્વિ-દિવસીય ધ્વજા મહોત્સવના લાભાર્થી પરિવારો**

**માતુશ્રી ચંપાબેન લાલજી મૈશેરી પરિવાર (મોટી સિંધોડી)**
**માતુશ્રી નવલબેન જીવરાજ લોડાયા પરિવાર (રાપરગઢ)**
**માતુશ્રી ગુણવંતીબેન ભોજરાજ નાગડા પરિવાર (રાપરગઢ)**

**-: નાની સિંધોડી જૈન મહાજન :-**

| | | |
|---|---|---|
| જેઠ સુદ ૮, શુક્રવાર તા. ૨૯-૫-૨૦૨૦ | **શ્રી હનુમાનજી ધ્વજારોહણ** | સવારના |
| જેઠ સુદ ૯, શનિવાર તા. ૩૦-૫-૨૦૨૦ | **શ્રી રામદેવ પીર ધ્વજારોહણ** | સવારના |

## કચ્છ - આ અબ લોટ ચલે




ભાઇશ્રી પ્રવિણ બી. લોડાયા, વડોદરાનો લેખ ખૂબ ગમ્યો. હું એમની ખૂબ ખૂબ અનુમોદના કરૂં છું. એમના આ સજેશનને ટેકો આપતા બીજા એક બે ભાઇઓએ પણ આ વિચારને વહેતો મુક્યો છે. મુંબઇમાં એક રૂમ રસોડાની સંકડાશમાંથી વડીલો બહાર આવી કચ્છના મુક્ત વાતાવરણમાં વસે એ ખૂબજ ઇચ્છનીય છે. પ્રવિણ ભાઇના જણાવ્યા પ્રમાણે કચ્છના એક ભાઇ કિશોર ચંદન કચ્છના બધા ભાઇઓને આવ્હાન કરે છે કે કચ્છ પાછા આવો. અને સરકારી સબસીડીઓ, લોનો, યોજનાઓનો ફાયદો ઉઠાવો. અને એમાં મદદ કરવા એ ભાઇ તૈયાર છે.

આના અનુસંધાનમાં સુરતના શ્રી પ્રવિણચંદ્ર શામજી ધરમશીએ અગમચેતી અને ચેતવણીનો સુર ઉચ્ચાર્યો છે. કચ્છની એક્સટ્રીમ આબોહવા, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને અન્ય સુવિધાઓનો અભાવ વગેરે. ખાસ તો અન્ય વિધર્મીઓનો પગ પેસારો. આ સમસ્યા બીજા રાજ્યોમાં પણ ફેલાતી જાય છે.

અહીં કોચીનમાં લગભગ ૪૦/૫૦ વર્ષો પહેલાં ગુજરાતીઓની લગભગ ૧૦૦ ઘરોની એક આખી કોલોની છોડી જવી પડેલી. આ સમસ્યાનો હવે હિમતથી સામનો કરવો પડશે. આજે કોર્ટ-કાયદાનું સમર્થન મળી શકે છે.

મુંબઇમાં વસતા આજના વડીલો ૩૦/૪૦ વર્ષ પહેલાં યુવાનો હતા અને તેઓ વર્ષોથી સેલ્ફ કન્ટેન્ટ ફ્લેટમાં રહેવા ટેવાયેલા છે એમ મારૂં માનવું છે. તેઓને કચ્છની ડેલીઓ-મેડીઓ કદાચ ન ફાવે. કચ્છ તરફ પ્રયાણ આદરવું હોય તો અબડાસાના કોઇ બે-ત્રણ મોટા ગામોમાં કમ્યુનિટી લીવીંગ જેવા બધી ફેસીલીટીવાળા બીલ્ડીંગ કૉમ્પલેક્સ બાંધવા પડશે. જેમાં 1 BHK - 2 BHK Flat હોય. આ પ્રોજેક્ટ મહાજન અથવા કો-ઓપરેટીવ લેવલ પર થઇ શકે. મુળ મુદો કેટલા લોકો મુંબઇની ગીચતામાંથી કચ્છની મોકળાશમાં જવા તૈયાર છે ? એ સર્વે કરવાની જરૂર છે.

પ્રવિણભાઇના ૨૦ જાન્યુઆરી ૨૦૨૦ના સમીક્ષામાં સૂચવ્યા મુજબ પ્રાયોગિક ધોરણ ૨-૫ ગામોમાં ખાલી પડેલા ઘરો ઘર માલીકોને કન્વેન્સ કરી વ્યાજબી ભાડેથી લઇ ૪૦-૫૦ વડીલોને વસાવી શકાય. એ સુચન પણ આવકારદાયક છે. બહુજ નાના મુડી રોકાણમાં એ થઇ શકે.

**- રમેશ જેઠાભાઇ નાગડા,** કોચીન (નલીયા)
મો. 94477 68740

---

## ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા અંક ૧૪ તા. ફેબ્રુઆરી ૨૦૨૦ના અંકમાં લેખક શ્રી સોમ ધરમશી નો લેખ જૈન ધર્મ મારી દ્રષ્ટીએ... મણકો-૭ ના લેખ ઉપર મારા વિચાર (વિષય - ઉપવાસ)




શ્રી સોમ ધરમશી આપશ્રીનું આ કાર્ય ખુબજ અનુમોદનીય છે પણ એટલુજ સાચું કે આ વિષય ઉપર લખતા પહેલા જૈન ધર્મનો ખુબજ ઉંડો અભ્યાસ જરૂરી છે.

મણકાની શરૂઆતમાં જૈન ધર્મ અને અન્ય ધર્મોના તત્વો... જૈન ધર્મના સાધુ-સાધ્વી, ભગવંતો... જૈન ધર્મ જ શ્રેષ્ઠ છે વિગેરે તે કેટલી હદ સુધી સાચું છે તેના ઉપર વિચાર વિમર્શ કરી શકાય.

જૈન ધર્મના પૂ. ગુરૂ ભગવંતો શું કહે છે, જૈન ધર્મ જ શ્રેષ્ઠ છે કે નહીં એના ઉપર વિચાર વિમર્શ કરવા કરતા આપશ્રીનો દ્રષ્ટિકોણ જૈન ધર્મ પ્રત્યે શું છે તે જણાવો તો વધારે યોગ્ય રહેશે અને એના ઉપર વાચકોના પ્રતિભાવ પ્રાપ્ત કરો તો વધારે જાણવા મળશે. કાંઇક અંશે જ્ઞાનમાં વૃધ્ધિ થશે.

**ઉપવાસ :** પ્રથમ આપશ્રીના એક મુસ્લીમ મિત્રે આપશ્રીને જણાવ્યું એમાં પણ કેટલી સત્યતા છે તે વિચારીએ.

રમઝાન માસ દરમિયાન એ ધર્મના નાના મોટા ભાઇઓ વિગેરે જેમનાથી શક્ય હોય તે રોજે રાખે છે. પણ રમઝાન માસ કેવળ ઉનાળામાંજ આવે છે એ વાત બરોબર નથી. કારણ કે રમઝાન માસ ચોમાસામાં, શિયાળામાં તો ક્યારેક ઉનાળામાં પણ આવે છે. આ વિષયથી મારે કાંઇ પણ લેવા દેવા નથી ફક્ત આપશ્રીનું ધ્યાન દોરવા માટે જ જણાવેલ છે.

હવે જૈન ધર્મોના તત્વો, એની ઉદભવતા આદી ઉપર ઉપવાસના સંદર્ભમાં મારા વિચાર ટુંકમાં અત્રે જણાવું છું.

જૈન ધર્મમાં ૯ (નવ) તત્વ જણાવ્યા છે જેમાં એક નિર્જરા તત્વ છે. નિર્જરા તત્વમાં તપના બે ભેદ કહેલ છે -

૧) બાહ્ય તપ (૨) અભયંતર તપ

બાહ્ય તપના છ (૬) પ્રકાર અને અભયંતર તપના છ (૬) પ્રકાર જણાવેલ છે. બાહ્ય તપમાં જે છ પ્રકાર છે એમાનું એક પ્રકાર અનશન છે.

અનશન - અશન એટલે આહાર અને અનશન એટલે આહારનો ત્યાગ. અનશન એટલે પરમાત્માએ બતાવેલા

શાસ્ત્રોક્ત માર્ગથી આહારનો મર્યાદિત સમય માટે અથવા જીવનપર્યંત ત્યાગ છે. ચાર આહારના ત્યાગને ચૌવિહાર ઉપવાસ અને ત્રણ આહારના ત્યાગને તિવીહાર ઉપવાસ કહેવામાં આવે છે. ચૌવિહાર ઉપવાસમાં આહાર સાથે પાણીનો પણ સર્વથા ત્યાગ હોય છે. કારણ કે ચાર આહારમાં પાણીની ગણત્રી આહારમાં કરેલ છે.

શાસનપતિ પ.પૂ. મહાવીર સ્વામીજી એ ૧૨ ।। (સાડા બાર) વર્ષ જે તપ કર્યા હતા તે ચૌવિહાર – ઉપવાસથી જ કર્યા હતા અને આજના કામમાં પણ ઘણા તપસ્વીઓ ચૌવિહાર ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ કે માસક્ષમણ પણ કરે છે. જે પૂણ્યશાળીઓ શત્રુંજય તીર્થની ૯૯ (નવ્વાણુ) યાત્રા કરે છે તેમાં ચૌવિહારી છઠ્ઠ (બે ઉપવાસ) કરીને તીર્થની ૭ (સાત) જાત્રા કરે છે. (એટલે બે દિવસમાં ચૌવિહાર ઉપવાસ સાથે સાત જાત્રા કરે છે.)

આપણા જ્ઞાની ભગવંતોએ યથાશક્તિ તપ કરવાનું કહે છે. આજના આપણા નબળા સંઘપણના લીધે જો ચૌવિહાર ઉપવાસ ન થાય તો તિવીહાર ઉપવાસ કરવાનું છે કે જેમાં ચાર આહારમાંથી કેવળ પાણીની છુટ મર્યાદિત સમય માટે આપવામાં આવેલ છે.

રોજા દરમ્યાન ૧૬ થી ૧૮ કલાક માટે પાણી વગર રહેવાનું છે જ્યારે એક ચૌવિહાર ઉપવાસમાં ૩૭ થી ૩૮ કલાક, છઠ્ઠમાં ૬૨ થી ૬૩ કલાક આદીમાં ખાધા-પિધા વગર રહેવાનું છે. આ જે પણ મેં લખ્યું છે તે કોઇ પણ ધર્મ ને ઉતારી પાડવા કે અન્ય ધર્મથી તુલના કરવા માટે લખેલ નથી. કેવળ ને કેવળ સૌના જાણ માટે લખેલ છે.

મારી એકજ વિનંતી છે કે આપણની જન્મથી જ જૈન ધર્મ મળેલ છે તો એનો બને તેટલો સવિસ્તર અભ્યાસ કરી જે પાયાની વિગતો છે એના ઉપર આપશ્રીનો દ્રષ્ટિકોણ સમાજ માટે મુકો તો વધારે સારૂ રહેશે કારણ એના માટે આપશ્રી સક્ષમ છો. કોઇ પણ પૂ. ગુરૂ ભગવંતોની વાણીનું ખંડન મંડન કે અન્ય ધર્મોથી આપણા ધર્મની સરખામણી કરવી, વિગેરે મને યોગ્ય લાગતું નથી કેમકે આપણી પાસે એવું જ્ઞાન કે એવી યોગ્યતા નથી, જૈન ધર્મનું વિવેચન કરશો તો આપણા માટે તેમજ સમાજ માટે પણ હિતાવહ થશે. મારા વિચારોથી આપશ્રીને કે કોઇને પણ દુઃખ થયું હો તો ''મિચ્છામિ દુક્કડમ્''

જાણતા કે અજાણતા શ્રી જિનાજ્ઞા વિરૂધ્ધ કાંઇ પણ લખાઇ ગયુ હોય તો અંતઃકરણપૂર્વક મિચ્છામિ દુકક્ડમ.

– **વિનોદ ખીમજી લોડાયા,** કોઠારા–ઔરંગાબાદ
મો. 94222 02546


*With Best Compliments from*

BLUE MOON GROUP

